2012 International Year of Cooperatives

COOPERATIVE ENTERPRISES BUILD A BETTER WORLD

<u>સમય-મર્યાદા</u>

ક્રમાંક : જીયુસીબીએફ/૩૮/૧૨૭ તા.૧૦-૦૫-૨૦૧૨.

પ્રતિ,
ચેરમેનશ્રી/ચીફ એકઝીકયુટીવ ઓફીસરશ્રી,

<u>ભરૂચ, નર્મદા, સૂરત, વલસાડ અને નવસારી</u>
<u>જીલ્લાની સભાસદ નાગરિક સહકારી બેંકો</u>

માનનીયશ્રી,

**વિષય:-Financial Intelligence Unit-India (FIU-IND) ને નાગરિક સહકારી બેન્કોમાં રોકડ અને શંકાસ્પદ વ્યવહારોના રીપોર્ટીંગ બાબતનો તાલિમ સેમિનાર.**

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે નેશનલ ફેડરેશન, ન્યુદિલ્હીએ તા.૨૨/૧૧/૨૦૧૧ના પત્ર અન્વયે ગુજરાતની નાગરિક સહકારી બેન્કોએ ફરજીયાત પણે CTR, STR અને CCR ના રીપોર્ટ Financial Intelligence Unit-India (FIU-IND) ને મોકલવાના હોય છે. ઉકત રીપોર્ટ બાબતે બેન્કોને પૂરતી જાણકારી નહીં હોવાથી જાણે અજાણે ઘણીવાર ચૂક થવાના કારણે રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા દંડનાત્મક પગલાં લઈ નાગરિક સહકારી બેન્કોના હોદ્દેદારો/અધિકારીઓને આ માટે જવાબદાર ઠેરવી તેમની સાથે પણ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે ઉકત વિષયે બેન્કોને એજયુકેટ કરવા જરૂરી માર્ગદર્શન માટે સેમિનાર યોજવાનું આયોજન કરવા જણાવેલ છે. તે અન્વયે **<u>અમદાવાદ ખાતે તા.૩૦-૦૫-૨૦૧૨ને બુધવારના રોજ સવારના ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી</u>** એક દિવસીય તાલીમ સેમિનાર યોજવાનું નક્કી કરેલ છે.

આ તાલિમ સેમિનારમાં FIU-IND ન્યુદિલ્હીના શ્રી સંજયકુમાર IAS, Additional Director હાજર રહી જરૂરી માર્ગદર્શન આપનાર છે. ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે આ સેમિનારના ગંભીર વિષયને ધ્યાનમાં લઈ આપની બેંકના ચેરમેનશ્રી/મેનેજીંગ ડીરેકટરશ્રી, સી.ઈ.ઓ/જનરલ મેનેજર અને આ અંગેની કામગીરી સંભાળતા મુખ્ય અધિકારી સહીત કુલ ચાર પ્રતિનિધિશ્રીઓ સેમિનારમાં હાજર રહે તે માટે વિનંતી છે.

આ સેમિનાર તાલીમ વર્ગની ફી, વ્યકિતદિઠ રૂ.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો પુરા) રાખવામાં આવી છે. ફી અંગેનો ચેક **ગુજરાત અર્બન કો.ઓપ બેન્કસ ફેડરેશન** ના નામે મોકલવાનો રહેશે. **તા.૨૫-૫-૨૦૧૨** સુધીમાં સેમિનારમાં હાજર રહેનાર આપની બેન્કના પ્રતિનિધિઓની વિગતો, આ સાથે બિડેલ નમૂનામાં નામ તથા ફી વિગેરેની વિગતો સાથે મોકલી આપવા નમ્ર વિનંતી છે.

સેમિનારના સ્થળ અને કાર્યક્રમની જાણ હવે પછીથી કરવામાં આવશે.

સહકાર બદલ આભાર,

આપનો વિશ્વાસુ,

(જી. કે. ફકીર)
ચીફ એકઝીકયુટીવ ઓફીસર

બિડાણ:- ફોર્મ. D:\૨૦૦૭\Word\Gujarati\Training Program/doc-૩૨

**GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION**
[redacted]
PROUDLY CO-OPERATIVE
Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380 009.
Phone : 079 - 26589159, 26589179, Fax : 079 - 26584901, E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

# બેન્ક પ્રતિનિધિ- નોમીનેશન

તા.

બેન્કનું નામ ..........................................................................................

સરનામું ..........................................................................................

..........................................................................................

ફોન નં. ..........................................................................................

---

પ્રતિ,

ચીફ એકઝીકયુટીવ ઓફીસરશ્રી,
ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેન્કસ ફેડરેશન
કો.ઓપરેટીવ બેન્કસ ભવન, જયહિંદ પ્રેસ પાસે,
આશ્રમ રોડ, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯.

માનનીયશ્રી,

**વિષય:-Financial Intelligence Unit-India (FIU-IND) ને નાગરિક સહકારી બેન્કોમાં રોકડ અને શંકાસ્પદ વ્યવહારોના રીપોર્ટીંગ બાબતનો તાલિમ સેમિનાર.**

સવિનય ઉપરોકત વિષય સંદર્ભે ફેડરેશન તરફથી તા.૧૦-૦૫-૨૦૧૨ના પત્રક્રમાંક: જીયુસીબીએફ/૩૮/૧૨૭ અનુસંધાને જણાવવાનું કે અમદાવાદ ખાતે તા.૩૦-૦૫-૨૦૧૨ને બુધવારના રોજ યોજાનાર સેમીનારમાં અમારી બેન્કમાંથી નીચે જણાવેલ પ્રતિનિધિશ્રીઓ હાજરી આપશે જેની વ્યકિતદીઠ ફી. રૂ.૪૦૦/- લેખે રૂ...............................નો ચેક ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશનના નામનો આ સાથે સામેલ છે જેની નોંધ લેવા વિનંતી.

| ક્રમ | પ્રતિનિધિનું નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |

(બેન્કનો સિકકો)

આપનો વિશ્વાસુ

જનરલ મેનેજર/મેનેજર

D:\૨૦૦૪-૦૫\Word\Gujarati\Training Program.doc-૪૧